# કુલસચિવની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**વંચાણે લીધેલ:-(૧)** સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરનુ તા.૨૦ .૧૧. ૨૦૨૩ નું જાહેરનામું
**(૨)** અત્રેની યુનિવર્સિટીના વિવિધ કર્મચારી મંડળોની રજુઆત.

**દિવાળીની રજાઓ જાહેર કરવા અંગે**

## -:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ક્રમ નં. (૧) મુજબ ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૨૦ .૧૧. ૨૦૨૩ના જાહેરનામા મુજબ આગામી તા.૩૧/૧૦/૨૦૨૪ ગુરૂવારના રોજ દિવાળી અને તા.૦૨/૧૧/૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષ દિનની રજાઓ જાહેર કરેલ છે, વંચાણે લીધેલ ક્રમ નં. (૨)ની રજુઆત મુજબ અત્રેની યુનિવર્સિટીઓમાં અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને વેકેશનની જોગવાઇ ન હોઇ જેના અનુસંધાને યુનિવર્સિટીના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દિવાળીનો પર્વ પરિવાર સાથે આનંદ ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઇ શકે તેવા શુભ આશયથી દિવાળીના પર્વ દરમ્યાન માન.કુલપતિશ્રી દ્વારા અન્ય જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે રજા જાહેર કરવામાં આવે છે.

| જાહેર કરવામાં આવતી રજાઓની તારીખ | જાહેર કરેલ રજાઓના બદલામાં ભરવાની થતી રજાઓની તારીખ |
|---|---|
| **તા.૦૧/૧૧/૨૦૨૪ શુક્રવાર** | **તા.૦૯/૧૧/૨૦૨૪ (બીજો શનિવાર)** |
| **તા.૦૪/૧૧/૨૦૨૪ સોમવાર** | **તા.૨૩/૧૧/૨૦૨૪ (ચોથો શનિવાર)** |

દિવાળીની રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા તા.૦૧/૧૧/૨૦૨૪ શુક્રવાર અથવા તા.૦૪/૧૧/૨૦૨૪ સોમવારની રજાના બદલામાં કોઇ પણ એક રજા જાહેર કરવામાં આવેતો તા.૦૯/૧૧/૨૦૨૪ બીજા શનિવારનારોજ રજા ગણવાની રહેશે અને તા.૨૩/૧૧/૨૦૨૪ ચોથો શનિવારના રોજ યુનિવર્સિટીની તમામ કચેરીઓ ચાલુ રાખવાની રહેશે.

ઉપરોકત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઇ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ/કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે. રજાના દિવસો દરમ્યાન કરવામાં આવેલ આયોજન અંગેની જાણ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને કરવાની રહેશે.

સદર પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/દિવાળી રજા/અ-૩-૨/૮૪૬૬-૮૫૧૦/૨૦૨૪
નવસારી. તારીખ:૦૪/૧૦/૨૦૨૪

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારુ.
(૨) સેકશન અધિકારીશ્રી,(ક.૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારુ.
(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ/જુનાગઢ/સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારુ.
(૪) કુલસચિવશ્રી, આણંદ/જુનાગઢ/સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારુ.
(૫) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર-૧૦-એ કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારુ.
(૬) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૭) નવસારી કેન્દ્રના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારુ.
(૮) અત્રની યુનિવર્સિટીના તમામ મંડળોના હોદેદારો તરફ જાણ થવા સારુ.

**નકલ રવાના:-** સીકયુરીટી ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ થવા સારુ.